ધ્રોલમાં નેશનલ સ્પોર્ટસ ડેઃ સાંસદશ્રી દ્વારા રમત-ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓ-શાળાઓનું સન્માનઃ

વિવિધ રમતોનું પ્રતિનિધિત્વ કરી ખેલાડીઓએ દેશમાં જામનગરનું ગૌરવ વધાર્યુઃ સાંસદ પૂનમબેન માડમ

જામનગર તા.૩૦: ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ના સમગ્ર ભારતમાં મેજર ધ્યાનચંદજીના જન્મદિવસને 'નેશનલ સ્પોર્ટ્સ ડે' તરીકે ઉજવવામાં આવે છે.જામનગર જિલ્લામાં પણ ગુજરાત સરકારના રમતગમત વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા આ ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

જે અંતર્ગત ધ્રોલમાં શ્રી જી.એમ.પટેલ કન્યા વિદ્યાલયમાં સાંસદ પૂનમબેન માડમના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સાંસદે હોકી, દોડ, જુડો, બાસ્કેટબોલ અને કુસ્તી જેવી વિવિધ રમતોનું નિરીક્ષણ કરી ડિસ્ટ્રિક્ટ સપોર્ટ સ્કૂલના ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત, તેમણે રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓ અને શાળાઓનું સન્માન કર્યું હતું.

આ પ્રસંગે સાંસદ પૂનમબેન માડમે જણાવ્યું હતું કે, 'અલગ અલગ ક્ષેત્રે વિવિધ રમતોનું પ્રતિનિધિત્વ કરી અહીં ઉપસ્થિત ખેલાડીઓએ જામનગર તથા રાજ્યનું ગૌરવ વધાર્યું છે અને અન્ય માટે પણ આ ખેલાડીઓ પ્રેરણારૂપ બન્યા છે.' તેમણે મેજર ધ્યાનચંદના વિવિધ દૃષ્ટાંતો રજૂ કરી તેમને સ્મરણાંજલિ અર્પણ કરી હતી અને ખેલાડીઓ દેશ-દુનિયામાં નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી. તેમણે વધુમાં મહિલા ખેલાડીઓને આત્મરક્ષણની તાલીમ લેવા અને હિંમત તથા જુસ્સો કેળવવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં 'નેશનલ સ્પોર્ટ્સ ડે' ની ઉજવણી થઈ રહી છે અને ખેલ જગત એક રાષ્ટ્રીય ચળવળ બને તે માટે પ્રયાસો થઈ રહ્યા છે. આ સાથે જ, તેમણે કાર્યક્રમ સ્થળેથી 'સાંસદ ખેલ મહોત્સવ' નો પણ શુભારંભ કરાવ્યો હતો.

આ ઉજવણી અંતર્ગત, જિલ્લામાં રમત-ગમતને પ્રોત્સાહન આપવા માટે અન્ય બે કાર્યક્રમો પણ યોજાશે. તા. ૩૦ ઓગસ્ટના પોલીસ પરેડ ગ્રાઉન્ડ પર આંતર-કચેરી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યારે તા. ૩૧ ઓગસ્ટના રણમલ તળાવથી 'સન્ડે ઓન સાયકલ'ના ભાગરૂપે એક વિશાળ સાયકલ રેલી યોજાશે.

આ કાર્યક્રમમાં ધ્રોલ નગરપાલિકા પ્રમુખ વિનુભાઈ વાઘેલા, પ્રાંત અધિકારી સ્વપ્નિલ સિસલે, સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી બાબુભાઈ ઘોડાસરા, આચાર્ય વિજ્યાબેન બોડા, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ગોમતીબેન ચાવડા, જિલ્લા રમત ગમત અધિકારી ભાવેશ રાવલિયા, અગ્રણીઓ હિરેનભાઈ કોટેચા, ઋતુલભાઈ ગડારા, પ્રદિપસિંહ જાડેજા, કલ્પેશભાઈ માવાણી, વિજયભાઈ વાઘેલા, રમેશભાઈ ઝાકાસણીયા, રંજનબેન દલસાણીયા, તુષાર ભાલોડીયા, ભારતીબેન ગડારા, શાંતુભા જાડેજા, મેરાજબાનુ સોલંકી, ગોવિંદભાઈ દલસાણીયા, હિતેષભાઈ ચનીયારા, સંજયસિંહ જાડેજા, ફિરોજભાઈ સોલંકી, ડી. ડી. જીવાણી, કિર્તીભાઈ ઘેટીયા, વિજયભાઈ કાસુન્દ્રા સહિત મોટી સંખ્યામાં નગરજનો અને ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આરોગ્યની સુવિધાઓ માટે પ્રથમ વખત

લાલપુર તાલુકાના રંગપર અને જોગવડ આરોગ્ય કેન્દ્રને નેશનલ લેવલના પ્રમાણપત્ર

લાલપુર તા.૩૦: લાલપુર તાલુકામાં રંગપર અને જોગવડ સેન્ટરને આરોગ્યની સુવિધાઓ માટે નેશનલ લેવલના સર્ટીફીકેટ મળ્યા.રંગપુર ને ૯૧ ટકા અને જોગવડને ૯૦ ટકા મળેલ છે.લાલપુર તાલુકાના રંગપુર અને જોગવડ સેન્ટરને આરોગ્યની સુવિધાઓ માટે નેશનલ લેવલના સર્ટીફિકેટ આપવામાં આવ્યું છે. લાલપુર તાલુકામાં પ્રથમ વખત આ સર્ટીફિકેટ મળેલ છે.

આ માટે રંગપર અને જોગવડની ટીમની મહેનત તથા મજબૂત જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષા તેમજ પીએસસી કક્ષાની સપોર્ટ ટીમનું આ પરિણામ છે. જિલ્લાના આરોગ્યના વડા ડૉ. નૂપુર મેડમ ડો.આર.બી.ગુસા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.પી.ડી પરમારના સીધા માર્ગદર્શન હેઠળ ઉપરના બંને સબ સેન્ટરની ટીમને સક્રિય યોગદાનના કારણે આ બહુમાન મળેલ છે.હજુ લાલપુર તાલુકામાં સાત આયુષ્માન આરોગ્ય મંદિરને નેશનલ લેવલના સર્ટિફિકેટ માટે માટે તૈયારી ચાલી રહી છે. તેમજ સ્ટેટના લેવલનાં સર્ટિફિકેટ માટે ૧૬ સબ સેન્ટર તૈયારી કરી રહ્યા છે.

આગામી ૩જી સપ્ટેમ્બરે

દ્વારકાના સંકીર્તન મંદિરમાં કાશ્મીરી બાબાની પુણ્યતિથિ ઉજવવાનું આયોજન

દ્વારકા તા.૩૦: અખંડ રામનામ સંકીર્તનના પ્રેરણાસ્રોત બ્રહ્મલીન સંત પ્રેમભિક્ષુજી મહારાજના ગુરુ કાશ્મીરી બાબાની ૮૧મી પુણ્યતિથિ નિમિત્તે યાત્રાધામ દ્વારકાના હરિનામ સંકીર્તન મંદિરમાં આગામી તા. ૩-૯-૨૦૨૫ને બુધવારના ભક્તિભાવપૂર્વક ઉજવાશે. બુધવારે સવારે ૧૦:૩૦ કલાકે અભિષેક પૂજા, બપોરે ૧૨:૦૦ કલાકે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગે દ્વારકાની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા સંકીર્તન મંદિર ટ્રસ્ટ તથા પૂજારી પરીવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

જીઆઈડીસી ઔદ્યોગિક વસાહતમાં રેસીડન્ટ ઝોન માર્ગે સ્ટ્રીટલાઈટ નખાઈ

જીઆઈડીસી પ્લોટ એન્ડ શેડ હોલ્ડર્સ એસોસિએશન દ્વારા જીઆઈડીસી ઔદ્યોગિક વસાહત-૨ માં આવેલ રેસિડેન્ટ ઝોનના મુખ્ય માર્ગ પર નવી એલઈડી સ્ટ્રીટ લાઈટ લગાવવામાં આવી છે. આ તકે એસોસિએશનના પ્રમુખ દિનેશભાઈ ડાંગરીયા, પંચકોશી 'બી' ડિવિઝનના પી.આઈ. વિજયભાઈ રાઠોડ, એસોસિએશનના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

મેજર ધ્યાનચંદની જન્મ જયંતી 'રાષ્ટ્રીય ખેલ દિવસ' નિમિત્તે

સાંસદશ્રી પૂનમબેન માડમ દ્વારા ધ્રોલથી સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫ નો શુભારંભ

ખેલાડીઓ દોડ, સંગીત ખુરશી, વોલીબોલ, ક્રિકેટ, કુસ્તી અને બાસ્કેટ બોલ, ખો-ખો, કબડ્ડી, રસ્સા ખેંચ અને નારગોલ જેવી સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે

જામનગર તા. ૩૦: ભારતીય હોકીના સુપ્રસિદ્ધ ખેલાડી મેજર ધ્યાનચંદની જન્મ જયંતી 'રાષ્ટ્રીય ખેલ દિવસ' નિમિત્તે જામનગર જિલ્લાના ધ્રોળમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ શ્રીમતી પૂનમબેન માડમે યુવાનોને રમતગમત પ્રત્યે પ્રોત્સાહિત કરવા માટે 'સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫'નો પ્રારંભ કરાવ્યો હતો. આ મહોત્સવમાં વિવિધ પ્રકારની રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં કન્વેન્શનલ રમતો જેવી કે ૪૦૦ મીટર દોડ (મહિલા), ૮૦૦ મીટર દોડ (પુરુષ), સંગીત ખુરશી, વોલીબોલ, ક્રિકેટ (ભાઈઓ-બહેનો), કુસ્તી અને બાસ્કેટબોલ (જિલ્લા કક્ષાએ) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત ટ્રેડિશનલ રમતો જેવી કે ખો-ખો, કબડ્ડી, રસ્સાખેંચ અને નારગોલ પણ આ મહોત્સવનો ભાગ છે. દિવ્યાંગો માટે ખાસ ૫૦ મીટર ટ્રાયસિકલ રેસ (જિલ્લા કક્ષાએ, ઓફલાઈન રજિસ્ટ્રેશન) નું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવમાં ભાગ લેવા ઈચ્છતા જામનગર લોકસભા વિસ્તારના જામનગર, દેવભૂમિ દ્વારકા, મોરબી જિલ્લા તથા પડધરી તાલુકાના અમુક ગામોના ખેલાડીઓએ https://sansadkhelmahotsav.in વેબસાઈટ પર ફરજિયાત ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે, જે ૨૯-૮-૨૦૨૫ થી શરૂ થયેલ છે. અને જેની છેલ્લી તારીખ ૨૦-૯-૨૦૨૫ રહેશે. આ મહોત્સવ ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવેલ છે.

મેન્ટર દ્વારા રખાઈ રહી છે સતર્ક નજરઃ

એનડીપીએસના ગુન્હામાં અગાઉ ઝડપાયેલા નવ આરોપીઓને ત્યાં પોલીસ દ્વારા ચકાસણી

જામનગર તા. ૩૦: જામનગર શહેર-જિલ્લામાં અગાઉ એનડીપીએસ એક્ટ હેઠળના ગુન્હામાં ઝડપાઈ ગયેલા કુલ પૈકીના નવ શખ્સને ગઈકાલે પોલીસ દ્વારા ચકાસવામાં આવ્યા હતા.

જામનગર શહેર તથા જિલ્લામાં અગાઉ એનડીપીએસ એક્ટ હેઠળ નોંધાયેલા ગુન્હાઓમાં ઝડપાઈ ગયેલા આરોપીઓની ચકાસણી કરવા માટે એસપી ડો. રવિમોહન સૈનીએ સૂચના આપતા ગઈકાલે એસઓજી પીઆઈ બી.એન. ચૌધરીના વડપણ હેઠળ પીએસઆઈ એસ.પી. ગોહિલ, એલ.એ. જેર, એ.વી. ખેર તથા સ્ટાફે કેટલાક આરોપીઓની ચકાસણી કર્યા પછી નવ આરોપીને ચેક કર્યા હતા.

નશાબંધી અંગેના નોંધાયેલા ગુન્હાઓમાં અગાઉ ઝડપાઈ ગયેલા આવા શખ્સો પર નજર રાખવા માટે જે તે લગત પોલીસ સ્ટેશનના અધિકારીઓની મેન્ટર તરીકે નિમણૂક કરવામાં આવે છે. મેન્ટર દ્વારા આવા આરોપીઓ ફરીથી તે પ્રવૃત્તિ સાથે સંકળાઈ ગયા નથી ને તે જાણવા તમામ ગતિવિધિઓ પર મેન્ટર નજર રાખે છે. શહેર-જિલ્લાના ૯૦ જેટલા શખ્સ પર નજર રાખવામાં આવી રહી છે.

ખંભાળીયાઃ 'રામનાથ કા રાજા' ગણેશોત્સવની ધામધૂમથી ઉજવણી

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

ખંભાળીયામાં રામનાથ સોસાયટીમાં રામનાથ કા રાજા ગણેશોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવી રહ્યો છે. ગણેશજીની પ્રતિમાનું વાજતે ગાજતે સ્થાપન કરવામાં આવ્યું હતું. દીપમાળા તથા મહા આરતી યોજાયા હતા. આજે રાત્રે ૮ વાગ્યે ફૂટનો અન્નકોટ-પ્રસાદ યોજાશે. તા. ૩૦ના છપ્પન ભોગ અન્નકોટ તથા તા. ૩૧ના બપોરે વિસર્જન થશે.

સલાયાના પત્રકાર દ્વારા ખંભાળીયામાં લોટીઉત્સવ

તાજેતરમાં ખંભાળીયા તાલુકાના સલાયા ગામના લોહાણા મહાજન પ્રમુખ તથા પત્રકાર ભરતભાઈ લાલ તથા કિશોરભાઈ લાલ દ્વારા ખંભાળીયામાં લોટી ઉત્સવ તથા મનોરથનો ધાર્મિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ખંભાળીયા સલાયાના અગ્રણીઓ લાલજીભાઈ ભૂવા, વનરાજસિંહ વાઢેર, ઈન્દ્રજિતસિંહ પરમાર, અશોકભાઈ કાનાણી, વીકીભાઈ રૂઘાણી વિગેરે દ્વારા ભરતભાઈ તથા કિશોરભાઈ લાલનું સન્માન કરવામાં આવ્યું હતું.

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

પૂર્વ કોર્પોરેટર વિનુભાઈ ધ્રુવ દ્વારા

દિગ્ગજ ક્રિકેટરોની ભૂમિમાં હાલારના ગૌરવવંતા ક્રિકેટ ઈતિહાસનું મ્યુઝિયમ બનાવવા રજૂઆત

જામનગર તા. ૩૦: જામનગર અને હાલારની ભૂમિએ વિશ્વના ક્રિકેટ જગતમાં અનેક દિગ્ગજ ક્રિકેટ ખેલાડીઓની ભેટ આપી છે. આવા દિગ્ગજ ક્રિકેટરોની ભૂમિમાં હાલારના ગૌરવવંતા ઈતિહાસને પ્રદર્શિત કરતુ મ્યુઝિયમ બનાવવા પૂર્વ કોર્પોરેટર વિનુભાઈ ધ્રુવે મ્યુનિ. કમિશનરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે. આ ઉપરાંત સ્પોર્ટસ સંકુલમાં ક્રિકેટર્સ ગેલેરી રચવા અથવા જાહેર સ્થળો પર મહાન ક્રિકેટરની પ્રતિમા મૂકવા પણ સૂચન કર્યું છે.

જામનગર અને હાલારની ભૂમિએ અત્યાર સુધીમાં એવા મહાન ક્રિકેટરો આપ્યા છે કે, જેની વિશ્વ ક્રિકેટ ઈતિહાસએ નોંધ લીધી છે. તેઓના નામે વિક્રમો પણ નોંધાયેલા છે. તેમજ તેઓના નામની રાષ્ટ્રીય કક્ષાની ક્રિકેટ ટ્રોફી પણ રમાડવામાં આવે છે. (દા.ત. રણજી ટ્રોફી, દુલીપ ટ્રોફી, વિજય મર્ચન્ટ ટ્રોફી, વિનુ માંકડ ટ્રોફી વિગેરે). આ ટુર્નામેન્ટમાં ઉજળું પ્રદર્શન કરનારા સારા ખેલાડીઓને રાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં સ્થાન પણ મળે છે. હાલારના આવા મહાન ક્રિકેટરોમાં બેટ્સમેન જામ રણજીત, ફાસ્ટ બોલર દુલીપસિંહજી, ફાસ્ટ બોલર અને ઓલરાઉન્ડર અમરસિંહજી, મૂળ રાજકોટના પણ નવાનગર સ્ટેટના અધિકારીની નોકરી હતી તેવા રામજી બનીઆ,

વિનુ માંકડ, સલીમ દુરાની, વિજય મર્ચન્ટ (મૂળ ખંભાળિયા), ઈન્દ્રજીતસિંહ, ઓલરાઉન્ડર અજય જાડેજા અને હવે વિશ્વના ટોપ ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાનો સમાવેશ થાય છે.

હાલારના આવા ભવ્ય ક્રિકેટ વારસાથી લોકો અને આવનારી પેઢી તેમજ ભાવિ નવોદિત ખેલાડીઓ વાકેફ થાય અને તેઓને પણ પ્રેરણા મળે તેવા કોઈ સ્થાનની કે આયોજનની જરૂર છે. ભારત સરકાર અને રાજ્ય સરકાર જ્યારે નેશનલ સ્પોર્ટસ ઉજવી રહી છે ત્યારે જામનગરમાં આ મહાન ક્રિકેટરોની પ્રતિમાઓ જુદા જુદા સ્થળે મૂકાય, અથવા તો નવા બની રહેલા સ્પોર્ટસ સંકુલોમાં તેઓની કારકિર્દીની ટૂંકી વિગતો સાથેની પ્રતિમા મૂકાય અથવા તો આ સ્પોર્ટસ સંકુલોમાં તેઓની તસ્વીર સાથેની મહાન ક્રિકેટરો અંગે સંપૂર્ણ વિગતો જોવા-વાચવા મળે તેવી એક ક્રિકેટર્સ ગેલેરીની રચના થાય તેવી જામનગરના ક્રિકેટ પ્રેમીઓની લાગણી છે.

સ્પોર્ટસ સંકુલમાં ક્રિકેટર્સ ગેલેરી રચવા અથવા જાહેર સ્થળો પર મહાન ક્રિકેટરની પ્રતિમા મૂકવા સૂચન

હિન્દુ-મુસ્લિમ કોમી એખલાસના પ્રતીક સમાન ૫૦૦ વર્ષ જુની પરંપરા

શિવરાજપુરમાં ભાદરવી પૂનમના દિને પરંપરાગત મલ્લ કુસ્તી સ્પર્ધાનું આયોજનઃ વિજેતાઓને આપવામાં આવશે પરસ્કાર

દ્વારકા તા. ૩૦: દ્વારકા નજીક શિવરાજપુર ગામે આવેલ હઝરત જાકુપીર ડાડાની દરગાહના પટાંગણમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી તા.૦૭-૦૯-૨૦૨૫ ને રવિવાર, ભાદરવી પૂનમના સ્થાનીય રણબંકાઓના શૌર્યનું કૌશલ્ય દેખાડતા મલ્લકુસ્તી મેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

મલ્લ કુસ્તી મેળાએ આપણી સંસ્કૃતિના રામાયણ મહાભારત કાળની આગવી ઓળખ છે. સ્થાનીય વયોવૃદ્ધ વડીલોના મતે આ મલ્લ કુસ્તી મેળો આશરે ૫૦૦ વર્ષ ઉપરાંતથી રાજાશાહી વખતથી પરંપરાગત રીતે યતો આવ્યો છે જેમાં ઓખામંડળના પૌરાણિક ઈતિહાસમાં પણ આ કુસ્તીમેળામાં ભાગ લેનાર શુરવીરોમાંથી સેનામાં ભરતી થતી હોવાની પ્રચલિત લોકવાયિકા છે.

આ કુસ્તીમેળાની વિશેષતા એ છે કે અહીં ઓખામંડળ તેમજ બારાડી, બરડા પંચકના સ્થાનીય હિન્દુઓ તથા મુસ્લિમ બિરાદરો એક જ સ્થળે પોતપોતાનું શૌર્ય કૌશલ્ય દેખાડવા દર વર્ષની ભાદરવી પુનમે એકઠા થાય છે જે નિહાળવા પણ હજારો ગ્રામીણો એકઠા થાય છે. હિન્દુ મુસ્લિમ કોમી એખલાસના પ્રતીક સમી પૌરાણિક પરંપરા ૫૦૦ વર્ષ બાદ પણ જળવાઈ રહી છે. આધુનિક સમયમાં પણ પૌરાણિક પરંપરા આયોજકો દ્વારા તૈયાર કરાયેલ પરંપાગત નિયમો અનુસાર મલ્લ કુસ્તી યોજવામાં આવે છે.

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દેવભૂમિ દ્વારકા સંચાલિત તથા શિવરાજપુર, મોજપ તેમજ મકનપુર ગામોના ગ્રામજનોના સહયોગથી શિવરાજપુરમાં હજરતવલી જાકુપીર ડાડાની દરગાહે આગામી તા.૦૭-૦૯-૨૦૨૫ના સવારે ૧૧:૩૦ થી સાંજે ૪:૩૦ સુધી પારંપરિક મલ્લ કુસ્તી મેળા ૨૦૨૫ યોજાનાર છે. ખેલાડીઓને ૮ થી ૧૨, ૧૩ થી ૧૭, ૧૮ થી ૨૨ તેમજ ૨૨ થી ઉપરના એમ ચાર કેટેગરીમાં વર્ગીકૃત કરી રમાનાર કુસ્તી મેળામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. વયજૂથ ૮ થી ૧૨ અને ૧૩ થી ૧૭ માં પ્રતિભાશાળી ખેલાડીઓને સરકારની યોજનાઓ માટે પસંદ કરવામાં આવશે.